| Newspaper | Page No. | Date |
|---|---|---|
| Gujarat Guardian | 11 | 03-06-2014 |



## એસ્સાર દર વર્ષે વિકલાંગો માટેની ક્રિકેટ ટુર્નામેન્ટ ગોઠવવા કટિબદ્ધ

# એસ્સાર ફ્રીડમ કપ: ટીમ બરોડા ચેમ્પિયન

સુરત, તા. ૨

રવિવારે જ્યારે તમામ વિકલાંગ ખેલાડીઓ ધરાવતી ગુજરાતની ચાર વિવિધ ટીમો સુરતમાં પ્રથમવાર નોકઆઉટ ફોર્મેટમાં રાંદેરના ભાણકી સ્ટેડિયમમાં ટકરાઈ ત્યારે ઈતિહાસ સર્જાયો હતો. સમગ્ર એકદિવસીય ટુર્નામેન્ટ 'એસ્સાર ફ્રીડમ કપ-વિકલાંગો માટેનો ક્રિકેટ ઉત્સવ'નું આયોજન એસ્સાર સ્ટીલ ઈન્ડિયા લિમિટેડ, હજીરા અને એસ્સાર ફાઉન્ડેશન દ્વારા વિકલાંગ કલ્યાણ સોસાયટી ટ્રસ્ટ, સુરતના સહયોગથી કરવામાં આવ્યું હતું.

ગુજરાત, સૌરાષ્ટ્ર, સુરત અને વડોદરા એમ ચાર ટીમોમાંથી ટીમ વડોદરા ઝળકી હતી અને ફાઈનલમાં સૌરાષ્ટ્રને હરાવીને ચેમ્પિયન બની હતી. ટીમ સુરત ત્રીજા ક્રમે રહી હતી. વડોદરા ટીમના ખેલાડી ઈમરાનને શ્રેષ્ઠ બોલર-બેટ્સમેન અને ખેલાડી એમ ત્રણેય ટ્રોફીઓ મળી હતી. વિજેતાઓને ઈનામની રકમ અને ટ્રોફીનું વિતરણ શહેરના પોલીસ કમિશનર રાકેશ અસ્થાનાના હસ્તે કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે તેમની ધારણાથી વિપરીત અહીં વિકલાંગ ખેલાડીઓ એક સામાન્ય ખેલાડીની જેમ અતિસુંદર ક્રિકેટ રમ્યા. તેમણે આ ઉમદા પહેલ માટે એસ્સાર, વિકલાંગ કલ્યાણ ટ્રસ્ટ અને તમામ ખેલાડીઓને-સહાયક સ્ટાફને અભિનંદન આપ્યા હતા.

એસ્સાર સ્ટીલ ઈન્ડિયા લિમિટેડ, હજીરાના વાઈસ પ્રેસિડેન્ટ (એડમિન-સીએસઆર) સુનીલ રાણે જણાવ્યું કે, વિકલાંગો આગળ આવે તે માટે તેમને પ્રસ્તુત તકો પૂરી પાડવાનું મહત્ત્વ એસ્સાર સ્વીકારે છે. વિકલાંગોના દેખાવથી પ્રભાવિત થઈ તેમણે જાહેરાત કરી કે આ પ્રકારની ટુર્નામેન્ટ દર વર્ષે યોજવા એસ્સાર કટિબદ્ધ છે અને આગામી વર્ષે એસ્સારના ક્રિકેટ ગ્રાઉન્ડ પર વિકલાંગો માટે ડે એન્ડ નાઈટ ક્રિકેટ યોજવાની નેમ વ્યક્ત કરી હતી. આ પ્રસંગે વિકલાંગ કલ્યાણ ટ્રસ્ટના ગોપાલભાઈ, પલ્લવીબેન વ્યાસ, એસ્સારના કર્નલ રાકેશ વસલ, હેતસ મજમુદાર તેમજ અન્યો ઉપસ્થિત રહ્યા હતા.